Club Id : 52203

Rotary District 3060 | Rotary Opens Opportunities | TEAM PINNACLE

Charter Dt : 02/06/1999

# ROTARY CLUB OF SURAT EAST

**RI YEAR : 2020-2021** અંક : ૦૭ તા.: ૦૧/૦૨/૨૦૨૧

| HOLGER KNAACK | Rtn.PRASHANT JANI | Rtn.JAGDISH VAGHASIA | Rtn.KETAN PATEL | Rtn.AMULAKH SAVANI |
|---|---|---|---|---|
| RI. President | District Governor | Club President | Club Secretary | Editor |

e-bulletin

## અપેક્ષા



**Rtn. Dr.Jagdish Vaghasia**
Club President

નમસ્કાર રોટેરીયન મિત્રો,

શિયાળાની શરૂઆત થઈ ચુકી છે. ગુલાબી ઠંડીમાં આપ સૌ મિત્રો, પરિવાર સાથે સ્વસ્થ હશો, કુશળ હશો.

મિત્રો, કોરોનાનો કપરો કાળ હવે ધીમે ધીમે અસ્ત થઈ રહયો છે. જનજીવન અને ધંધા રોજગાર હવે પટરી પર આવવા લાગ્યા છે. આ આપણું નવું વર્ષ આપણા સૌ માટે અને તમામ દેશવાસીઓ માટે ખુબ સારૂ રહે એવી શુભેચ્છા.

મિત્રો, નવા વર્ષમાં કોરોનાની રસી આવી ચુકી છે. રસીકરણ કાર્યક્રમ પુરજોશમાં ચાલી રહયો છે, ત્યારે આ રસીકરણમાં આપના તથા આપના પરિવારનો વારો આવે ત્યારે આપણે સૌ આ રસી લઈ નિશ્ચીંત થઈએ અને કોરોનાને નાબુદ કરવામાં સહભાગી થઈએ.

મિત્રો, આ રસી ફાયદાકારક છે. કોઈ મોટી આડઅસર નથી, એટલે કોઈ અફવાઓથી ગભરાવું નહી. રસી સેફ છે, અસરકારક છે. સૌથી ગૌરવની વાત એ છે કે એ સ્વદેશી છે અને વિદેશના દેશમાં પણ એની ડીમાન્ડ છે. તો આપસૌ આ કાર્યમાં સહભાગી થશો.

આભાર... જય રોટરી...





UNITY BRANDING - 97276 75000



**Rtn. Ketan Patel**
Club Secretary

**૦૪/૦૧/૨૦૨૧, સોમવાર**

પ્રોજેક્ટ કો ચેરમેન રો.શૈલેશ વઘાસીયા અને અન્ય રોટેરિયન મિત્રો દ્વારા ડુંગરા, દેરોદ, અને ધાતવા તેમજ આજુબાજુ ના અન્ય કેટલાક ગામો ખાતે શેરડી કાપવાનું કામ કરતા ખેત મજુરો ના ૧૧૫ જેટલા બાળકો ને સ્વેટર તેમજ ચોકલેટ વિતરણ નો કાર્યક્રમ રાખવામાં આવેલ.

**૧૨/૦૧/૨૦૨૧, મંગળવાર**

રોટરી કલબ સુરત ઈસ્ટ દ્વારા ચીકુવાડી ખાતે આવેલ ડાયમંડ હોસ્પિટલ માં રોટરી ઈન્ટરનેશનલ ની થકી દાન માં આપવામાં  આવેલ ૪૨ લાખના ૬ ડાયાલીસીસ મશીન નું લોકાર્પણ રોટરી ડીસ્ટ્રીક્ટ ૩૦૬૦ નો આઈ.પી.ડી જી. રો.અનીશ શાહ દ્વારા કરવામાં આવેલ.ડાયમંડ હોસ્પિટલ ના ડો. હરેશ પાઘડા એ માહિતીએ આપતા જણાવેલ કે અગાઉ ના બે મશીનો માં વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧દરમિયાન ૩૨૦૦ જેટલા દર્દીઓ ને નિ: શુલ્ક ડાયાલીસીસ કરવામાં આવેલ જેનો અંદાજે ખર્ચ ચાલીસ થી પિસ્તાલીસ લાખ થવા જઈ રહ્યો છે પરંતુ રોટરી અને અન્ય દાતા ઓ ના સહયોગ થી આ કાર્ય શક્ય બની રહ્યું છે.આઈ.પી.ડી .જી.રો. અનીશભાઈ એ  હોસ્પિટલ ના કામ કાજ અને ઘણી બધી સેવાઓ મફ્ત થાય છે તે બદલ હોસ્પિટલ ના ટ્રસ્ટી ઓ ને અભિનંદન આપેલ અને ભવિષ્ય માં હોસ્પિટલ ને કોઈ પણ જરૂરિયાત હોઈ ત્યારે રોટરી થકી મોટી ગ્રાન્ટ મેળવી સુવિદ્યા માં વધારો કરી શકાય અને એ માટે રોટરી હમેશા તત્પર હોઈ છે તેવું જણાવી હોસ્પિટલ ને વધુ માં વધુ લાભ લેવા જણાવેલ.આ કાર્યક્રમ માં પૂર્વ પ્રમુખ રો. અરવિંદ ધડુક , રો. ડો.અમુલખ સવાણી , રો.ડો.મનસુખ પટેલ , રો. ભરત કિકાણી , રો. ડો. પ્રફુલ શિરોયા, ડાયમંડ હોસ્પિટલ ના ટ્રસ્ટી શ્રી માવજીભાઈ માવાણી, નાનુભાઈ વેકરીયા તેમજ રોટરેક્ટ સુરત ઈસ્ટ પ્રેસિડેન્ટ રો.પ્રતિક વશોયા અને એમની ટીમ તેમજ રોટરેક્ટ કર્ણ ભૂમિ પ્રેસિડેન્ટ રો. નિકુંજ વસોયા અને એમની ટીમ  ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમ નું આયોજન સેક્રેટરી રો. કેતન પટેલ અને રો. રસિક સાવલિયા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ કાર્યક્રમ નું સંચાલન રો.વિપુલ પાનસુરીયા દ્વારા કરવમાં આવેલ અને અંતમાં આભાર વિધિ રો ચિંતન પટેલ દ્વારા કરવામાં આવેલ.

**૨૩/૦૧/૨૦૨૧, શનિવાર**

રોટરી કલબ સુરત ઈસ્ટ દ્વારા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ની શાળા નંબર ૨૭૨ ( મહારાણા પ્રતાપ શાળા ) માં સ્વેટર અને ચોકલેટ નું વિતરણ કરવામાં આવેલ . તમામ સ્વેટર વિતરણ કાર્યક્રમ માં ચોકલેટ નું અનુદાન રો. જયસુખભાઈ ગુંદરણીયા તરફ થી મળેલ . તે બદલ કલબ વતી એમનો ખુબ ખુબ આભાર.

**૨૬/૦૧/૨૦૨૧, મંગળવાર**

૭૨ માં પ્રજા સત્તાક દિન પર સુરત મ્યુનીસિપલ કોર્પોરેશન ની શાળા ન.૩૦૬ ( શ્રી એન.એમ .દેસાઈ પ્રાથમિક શાળા )ઉતરાણ ખાતે ધ્વજ વંદન નો કાર્યક્રમ રાખવામાં આવેલ.



UNITY BRANDING - 97276 75000

## જન્મદિન શુભેચ્છા ફેબ્રુઆરી–૨૦૨૧

02/02/2021 નરેશ ગોંડલિયા
14/02/2021 સુરેશ બરવાળીયા
15/02/2021 મનિષ સાકરીયા
17/02/2021 જીગ્નેશ મેઘાણી
24/02/2021 પ્રશાંત વાઘાણી




''દુઆ છે અમારી ફુલોની જેમ
મહેકે જીંદગી તમારી...
જન્મદિવસની હાર્દિક શુભકામના..

## :: PHOTO GALLERY ::















## :: Media Gallery ::






**ડાયમંડ એસો. સંચાલિત હોસ્પિટલને 42 લાખનાં 6 ડાયાલિસીસ મશીનનું દાન**

સુરત: મંગળવારે રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા સુરત ડા... એસોસિએશન આરોગ્ય સમિતિ સંચાલિત "માતુશ્રી રામુબા તેજાણી માતુશ્રી શાંતાબા વિડીયા હોસ્પિટલ" (ડાયમંડ હોસ્પિટલ) ડાયાલિ... વિભાગમાં ૪૨ લાખના ૬ ડાયાલિસીસ મશીનનું દાન આપવામાં આ... હતું. જેનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રોટરી ક્લબ ઓફ સુરત વતી હાજર રહેલા મહાનુભાવોમાં રોટરી અનીષ શાહ (આઈપીડી જી-ડિસ્ટ્રિક્ટ-૩૦૬૦), સ્વાતિબેન શાહ, ડો.જગદીશ વઘાસીયા (પ્રેસિડેન્ટ), કેતન પટેલ (સેક્રેટરી), કિશોર બલર (પાસ્ટ પ્રેસિડેન્ટ), રાજેશ વઘાસીયા (ક્લબ ગ્રાન્ટ ચેર), ભરત કિકાણી (પાસ્ટ પ્રેસિડેન્ટ), અરવિંદ ધડુક (પાસ્ટ પ્રેસિડેન્ટ), અમુલખ સવાણી (પાસ્ટ પ્રેસિડેન્ટ), મનહર વોરા (પ્રેસિડેન્ટ ઇલેક્ટ), આ ઉપરાંત હોસ્પિટલના હોદ્દેદારોમાં ચેરમેન સી.પી.વાનાણી, મંત્રી દિનેશ નાવડિયા, ઉપપ્રમુખ માવજી માવાણી અને ખજાનચી નાનુ વેકરિયા ...પસ્થિત રહ્યા હતા. રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ હોસ્પિટલમાં આપવામાં ...ેલા આ ૪૨ લાખના માતબર દાનથી હોસ્પિટલની સેવાઓમાં વધારો ...અને તેનો લાભ વધુમાં વધુ જરૂરિયાતમંદ દર્દીઓને આપવામાં આવશે. ...ા કામ બદલ હોસ્પિટલના ટ્રસ્ટીઓ તેમજ હોદ્દેદારોએ રોટરી ...ત ઈસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.



Divya Bhaskar SURAT NJ.pdf

**રોટરી ક્લબ સુરત ઇસ્ટે 115 જરૂરિયાતમંદ બાળકોને સ્વેટર આપ્યા**

સુરત : રોટરી ક્લબ સુરત ઈસ્ટ દ્વારા આજરોજ ડુંગરા, દેરોધ અને ધાતવા તેમજ આજુબાજુના અન્ય કેટલાક ગામો ખાતે શેરડી કાપવાનું કામ કરતા ખેત મજૂરોના 115 જેટલા બાળકોને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. હાલમાં શિયાળાની કડકડતી ઠંડીથી બાળકોને રક્ષણ મળે તે ઉદ્દેશ્ય સાથે આ કામ કરાયું હતું.

Rotary District 3060 | Rotary Opens Opportunities | TEAM PINNACLE



UNITY BRANDING - 97276 75000



**Rtn. Amulakh Savani**
Bulletin Editor

# “પ્રાયોરિટી મેનેજમેન્ટ" - “જીવન જીવવાની ચાવી”.

ખીલતા ફુલડાઓએ આભાર માનતા કહ્યુ ડાળીને,
કે તારી કૃતજ્ઞતાને કાજ, હું શોભાવુ પુજા થાળીને.
( ડો. અમુલખ સવાણી)

પ્રાયોરીટી નક્કી કરવી એ જીવનમાં સૌથી મહત્વનું અને સૌથી અઘરું કામ છે. આપણી પ્રાયોરિટી આપણને ઘડે છે. આપણા જીવનનુ સિંચન કરે છે. આપણે ક્યા સંબંધને કેટલી પ્રાયોરિટી આપીએ છીએ તે, તે સંબંધનું આયુષ્ય નક્કી કરે છે. જીવનમાં આપણને સામાજિક રીતે, કાર્યક્ષેત્રના સ્થળે, કે કૌટુંબિક રીતે ઘણાં નાનાં મોટાં કાર્યો કરવા પડતા હોય છે. તેમાં કયા કાર્યોને તમે પહેલા પૂરા કરો છો. જે તે સમયે તમે કયા કાર્યોને તેમની મહત્વતાની કક્ષા પ્રમાણે પ્રાયોરિટી આપો છો તેનાં પરથી તમે સામાજિક રીતે, આર્થિક રીતે, કૌટુંબિક જવાબદારીઓ માં ,સંબંધોમાં કેટલાં સફળ થશો તે નક્કી કરે છે.

કેટલીક વાર આપણે સહેલું લાગતુ કામ પહેલાં કરવા લાગી જઈએ છીએ અને થોડુંક મહેનત માગી લે તેવું પણ ખૂબ જ મહત્વનું કામ કરવાનું રહી જાય છે. જેથી પાછળથી પસ્તાવાનો વારો આવે છે અથવા "સમય જ ન મળ્યો " એવું બહાનું હાથ ધરવું પડે છે. હકીકતમાં તમે પ્રાયોરીટી નક્કી કરવામાં થાપ ખાઈ ગયા હોવ છો. ઘણીવાર નવરાશનો સમય ઘણો બધો હોય અને કોઈ કામ હોય તો પણ યાદ ન આવે ને ઘણીવાર વ્યસ્ત હોઈએ ત્યારે નવા નવા કાર્યો યાદ આવે ત્યારે સમય ઓછો પડે એવું થાય છે, તે માટે નાના મોટા દરેક કામને જેમ જેમ યાદ આવે તેમ પ્રાયોરિટી પ્રમાણે ક્રમ આપી લખવાની ટેવ કેળવવી પડે. જેથી યોગ્ય સમયે મહત્ત્વના કામ પાર પાડી શકીએ.

જે તે ક્ષણે કયા કાર્યને અગ્રિમતા આપવી,કયા સંબંધને અગ્રિમતા આપવી તેનો યોગ્ય નિર્ણય જ આપણને સફળ બનાવે છે. આ સફળતા એટલે કોઈ એવોર્ડ કે પ્રસિદ્ધિ નહીં પરંતુ જીવનનાં બધાં પાસાને સાચવીને balanced લાઈફ જીવવામાં "સ્વ" ને મળેલ સફળતા.

બીજી રીતે જોઈએ તો આપણાં દ્વારા અપાતું કોઈ વ્યક્તિને મહત્વ તે વ્યક્તિને જીવન જીવવાની હુંફ પૂરી પાડે છે. ઘરડા મા-બાપને પૂછવામાં આવે કે તમે આજે શું જમશો? નાનાં બાળકને પૂછવામાં આવે કે તને આજે કયો વિષય ભણવો ગમશે? એક ગૃહિણીને ક્યારેક કહેવામાં આવે કે.."તું ઘર સારી રીતે સંભાળે છે એટલે હું ચિંતામુક્ત રીતે વ્યવસાય કરી શકું છું"... તો તેમને આપેલું થોડું મહત્વ પણ તેમનામાં આત્મસન્માન વધારે છે. આ કૃતજ્ઞતાનો ભાવ હ્રદયથી જોડાયેલો હશે તો ખરી ઉન્નતી થશેજ. તેનું તો એ કામ જ છે, એમ માની (Taken for granted) તો એમાં તેમની ભાવનાઓ રિબાય છે. પણ ક્યારેય તેનો અવાજ આવતો નથી.



UNITY BRANDING - 97276 75000



**Rtn. Amulakh Savani**
Bulletin Editor

તમે બાળકને ક્યારેક-ક્યારેક પૂછો છો કે તને આજે શું જમવાનું ગમશે.. તે બનાવું. તને કયા કપડાં પહેરવા છે? આવી નાની નાની વસ્તુઓમાં પૂછવામાં આવેલો તેનો અભિપ્રાય તેમનો આત્મવિશ્વાસ ઘડે છે. "હું પણ ઘરમાં મહત્વની વ્યક્તિ છું"એવો અહેસાસ તેને કરાવે છે. તેથી તેને પોતાનાં હોવાપણા માટે આનંદની અનુભૂતિ થાય છે. આવું જ ઘરમાં રહેતા મોટી ઉંમરના વ્યક્તિઓ સાથે થાય છે. ક્યારેક, ક્યારેક નાના મોટા નિર્ણય લેતી વખતે તેમનો અભિપ્રાય પુછાય, તેમનાં જીવનનાં અનુભવોના નીચોડનો થોડોક લાભ લેવાય. તેમને તો ઘણી બધી વાતો કરવી જ હોય છે પણ ઘરમાં કોઈની પાસે સમય જ નથી હોતો. પણ ક્યારેક તેમની પાસે બેસી આ વાતો સાંભળી શકાય. જેટલી હુંફ તેમને મળશે એટલી જ રિટર્ન ગિફ્ટ તરીકે આપણને મળશે. મૂર્છિત થયેલી તેમની સંવેદનાઓ ખીલી ઉઠશે. અને અઢળક અશાબ્દિક આશીર્વાદનો વરસાદ વરસશે.

ક્યારેક કોઈની જીવનમાંથી અચાનક થતી બાદબાકી આખા જીવનને ડામાડોળ કરી નાખે છે. એક કરંટનો ઝટકો આપી જાય છે. ત્યારે અચાનક મનમાં ચમકે છે કે અરે મારે તો તેની સાથે આટલી બધી વાતો કરવી બાકી હતી.મારે તો મારા મમ્મી પપ્પા ના ખોળામાં માથું મૂકી થોડું હતું. થોડુંક વાત્સલ્ય અનુભવવું હતું. મને વ્યવસાય અને ઘર કામમાંથી સમય  જ ન મળ્યો. ને હવે ક્યાં છે એ ખોળો ને ક્યાં છે તે વાત્સલ્ય ભર્યો હાથ!! તેની ગેરહાજરી આપણને સતત ડંખી જાય છે... કોઈ વ્યક્તિ સાથે સતત માત્ર ઝગડ્યાજ હોઈએ. તે મને નથી સમજતી કે હું તેને નથી સમજી શકતો ના સંઘર્ષમાં સાથે થોડીવાર મૌન રહી એકબીજાના અસ્તિત્વ ના મહત્વ ને જ વિસરી જવાય છે. "તે છે આપણી સાથે", એ જ મહત્વનું છે બીજું બધું ગૌણ. ને એની અનુભુતી ત્યારે જ  થાય છે જ્યારે તે નથી હોતું જીવનમાં.

**(રત્ન કણિકા)**

“જીંદગી” ખુશહાલ માં જીવવા  “જીદ” ચોક્કસ કરાય,
પણ “જીદ”, “અહંકાર” કે હઠ થી “જીંદગી”વેડફાઇ ન જાય તે
ધ્યાન માં રાખીએ તો “ જીંદગી” નો ‘અમુલખ’ ફેરો સફળ ગણવો.



UNITY BRANDING - 97276 75000

# રોટરી તરફ વાળો હવે...

ચાલો મેળવી લઇએ હ્રદયની વાતનો તાળો હવે,
ત્યાર પછી જ્યાં અને ત્યાં બોલવાનુ ટાળો હવે.

સંબંધ મિત્રતાનો સાચવી રાખીએ રોટરી માં,
વાદ વિવાદ માં શું કામ પડવુ? મૌન પાળો હવે.

કર્મઠતા અને નિષ્ઠાનો મારગડો પકડી રાખીએ,
સત્યનો પંથ બહારથી છો ને લાગે કાંટાળો હવે,

સમાજમાં રોટરીની પ્રતિષ્ઠા વધે એવા કાર્યો કરો,
સમજદાર દરેક જણને રોટરી તરફ વાળો હવે.

ઊગતા સુરજને દિલથી નમસ્કાર કરે ‘અમુલખ’,
દિવસ જવાનો છે આપણી રોટરીનો હુંફાળો હવે.

- (ડો. અમુલખ સવાણી)

Rotary District 3060

Rotary Opens Opportunities

TEAM PINNACLE

UNITY BRANDING - 97276 75000